।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jaineducationboard.org **E mail :** jainshikshanboard@gmail.com

**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૯** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૨)**

૧. પરિભુત્તં ૨. પાવકમ્મોવએસં ૩. પરમત્થ ૪. આણાએ

**(ખ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૩)**

૧. પાપકારી. ૨. ભાવથી આપતો થકો. ૩. શય્યા સંબંધી કચકચ કરવાથી.

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. કરણ એટલે શું? તે કેટલા છે? કયા કયા?
૨. રાત્રિભોજનનો ત્યાગ કયા વ્રતમાં આવે છે? તે વ્રતની કોટિ લખો.
૩. સાધુ–સાધ્વીને રહેવાનું મુખ્ય ક્ષેત્ર કયું? તે ક્ષેત્રમાં કોનો કોનો સમાવેશ થાય છે?
૪. ઠવણા પાહુડિયા દોષ એટલે શું? તે પ્રતિક્રમણના કયા પાઠમાં આવે છે? તે પાઠ શેના વિષે છે?
૫. ૧૮ પાપના ભંગ કેટલા? કયા કયા?

(૫૫)

**પ્ર.૨ (ક) પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(અ) વ્યાખ્યા લખો.** **(૬)**

૧. કાર્મિકા બુદ્ધિ ૨. મધ્યગત અવધિજ્ઞાન ૩. ચરમ સમય અયોગી ભવસ્થ
૪. અંગપ્રવિષ્ટ શ્રુત ૫. મનઃપર્યવ જ્ઞાન ૬. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. બાહ્ય અવધિજ્ઞાન કોને હોય? ૨. સહસ્રાર દેવલોકના દેવો ઉપર ક્યાં સુધી જુએ?
૩. વ્યંજનાવગ્રહ અને અવાયનો કાળ કેટલો? ૪. વિશેષ પ્રકારે મતિજ્ઞાનના ભેદ લખો.
૫. સંજ્ઞી હેતોપદેશ શ્રુતમાં કોનો સમાવેશ થાય છે?

**(ઇ) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. મનઃપર્યવજ્ઞાન ...... થી પ્રત્યક્ષ છે. તે ...... મનને સાક્ષાત્ જાણે છે.
૨. મતિજ્ઞાન ...... છે અને શ્રુતજ્ઞાન ...... છે.
૩. લાંતક દેવલોકના દેવોના અવધિજ્ઞાનનો આકાર ...... છે અને અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર ...... છે.
૪. કેવળજ્ઞાન સર્વ ...... છે. તેને ...... માધ્યમની જરૂર નથી.

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન એટલે શું? તે કોને હોય? તે અવધિજ્ઞાનના છ ભેદમાંથી કયા ભેદમાં? (૩)
૨. શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ભેદ કયા? ૩. અંગબાહ્ય શ્રુતજ્ઞાનના પ્રકાર કેટલા? કયા કયા? (૨×૬)
૪. ભાવથી મનઃપર્યવજ્ઞાન એટલે શું? ૫. મનઃપર્યવજ્ઞાનના ભેદ કેટલા? કયા? કયા?
૬. કેવળીનું કેવળજ્ઞાન કેવું હોય? તેઓ પ્રવચન કેવી રીતે આપે? તે શું છે?
૭. પ્રત્યય અને દર્શનની અપેક્ષાએ અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત લખો.

**(ખ) ચાર કષાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ઉપચણિયા અને વેઘા એટલે શું?

૨. લોભ કેટલા સ્થાન પર પ્રતિષ્ઠિત છે? પહેલા-ચોથાનું નામ અને બીજા-ત્રીજાની વ્યાખ્યા લખો.

૩. કષાય એટલે શું? કયા આગમમાંથી લેવામાં આવ્યો છે? તે અંગ છે કે ઉપાંગ?

૪. કષાયના કુલ ભાંગા કેટલા? માયા કષાયના ૧૭ ભેદના ભાંગા કેટલા? કેવી રીતે? ટૂંકમાં લખો.

૫. કયા કષાય લાભે? શ્રાવકગુણનો ઘાત કરનાર, માથું પછાડ્યું, શરીરમાં રોગ ઉત્પન્ન થયો, મમ્મીએ ગુસ્સો કર્યો તો મેં પણ ગુસ્સો કર્યો.

**(ગ) ચાર ધ્યાનના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(અ) અર્થ લખો.** **(૪)**

૧. વિલપન ૨. અપાયાનુપ્રેક્ષા ૩. વિવાગ વિજએ ૪. આમરણાંત

**(આ) નીચેનામાં કયા ધ્યાનનો કયો ભેદ હોય?** **(૫)**

૧. માતા શરણરૂપ નથી. ૨. હરણીને મારીને આનંદ માનવો. ૩. નમ્રતા

૪. મને પર્સ જોઈએ છે એટલે જોઈએ છે. ૫. અગુરુલઘુ ભાવનો વિચાર કરવો.

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. કયા ધ્યાનથી મોક્ષ મળે છે? આ ધ્યાનને આલંબન હોય કે નહિ? શા માટે?

૨. રૌદ્રધ્યાનનો ચોથો પાયો, ધર્મધ્યાનનું ત્રીજું આલંબન, શુક્લધ્યાનની પહેલી અનુપ્રેક્ષા, આર્ત્તધ્યાનનું બીજું લક્ષણ લખો.

૩. સમકિતી ચરમ શરીરીમાં અને મિથ્યાત્વી નારકીમાં કેટલા અને કયા કયા ધ્યાન હોય?

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અચેતપાણી એટલે શું? તે કેટલા પ્રકારના છે? તે કયા સૂત્રનો અધિકાર છે?

૨. રોહગુપ્ત શા માટે નિન્હવ થયા? આત્મપ્રદેશના અંતિમ જીવ પ્રદેશમાં જીવ તત્ત્વ માનનારા કોણ હતા?

૩. કયા વ્રતમાં બાથરૂમનો ઉપયોગ કરવાનો નથી? શા માટે?

૪. ભગવાનની આજ્ઞા શું છે? કડવા શબ્દ કહેનાર શા માટે ઉપકારી છે?

૫. પચ્ચક્ખાણ ન કર્યા હોય તો શું માનવું નહિ? બાલ કોને કહેવાય?

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગોશાલકે ભગવાનને મહાનિર્યામક કેમ કીધા?

૨. સકડાલપુત્રની પત્નીનું નામ શું હતું? તેમણે કેટલા વ્રત ગ્રહણ કર્યા? તેઓ પોતાનો સમય શેમાં વ્યતીત કરવા લાગ્યા?

૩. સકડાલપુત્ર કોના અનુયાયી હતા? તેઓ ક્યાં ઉત્પન્ન થયા? ત્યાં તેમની સ્થિતિ કેટલી? ત્યાંથી ક્યાં જશે?

૪. સુભદ્રાએ ગોચરી વહોરાવીને સાધ્વીજીને શું કહ્યું?

૫. સોમા કાળ કરીને ક્યાં ઉત્પન્ન થશે? ત્યાં તેમની સ્થિતિ કેટલી? તેનું ભવિષ્ય શું?

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ચાહે આંધી ........ ધ્યાન હો. ૨. લાખો ......... સંસારમાં રોકે.

૩. જહાજ ........ પહોંચાય રે પ્રાણી. ૪. તારા ......... સમતા ધરું.

૫. કઈ ગતિમાં સાધુ ન જાય તે બતાવતી કડી લખો.

**જય – જિનેન્દ્ર**